**ગુજરાત સરકાર દ્વારા અમલમાં મુકેલ ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા (સંરક્ષણ) અધિનિયમ-૨૦૧૯ના અમલીકરણની મુશ્કેલી દૂર કરવા ગેઝેટથી પ્રસિદ્ધ કરવામાં આવેલ સુધારાને વિધાનસભાના મેજ ઉપર મુકવામાં થયેલ વિલંબના કારણો**

૧. ગુજરાત સરકાર દ્વારા ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા (સંરક્ષણ) અધિનિયમ-૨૦૧૯ તા.૨૨/૦૮/૨૦૧૯ના ગેઝેટથી પ્રસિદ્ધ થયેલ અને આ એક્ટ તા.૧૫/૦૬/૨૦૨૦ના નોટીફીકેશનથી અમલીકરણમાં મુકેલ છે.

૨. આ અધિનિયમની કલમ નં.૨૭(૨) મુજબ જરૂરી સુધારા તા.૨૯/૦૬/૨૦૨૦ના ઓર્ડરથી અંગ્રેજીમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે ત્યારબાદ વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ દ્વારા તા.૧૫/૧૨/૨૦૨૦થી તેનું ગુજરાતીમાં ભાષાંતર મળેલ છે. જે ગુજરાતી આવૃત્તિ તરીકે જાન્યુઆરી-૨૦૨૧માં ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

(આર.બી. સેઈલર)
ખાસ ફરજ પરના અધિકારી
ન.જ.સં.પા.પુ. અને કલ્પસર વિભાગ

Scanned with CamScanner

Extra No. 48

©

વાર્ષિક લવાજમનો દર રૂા. ૪,૦૦૦/-

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL. LXII] FRIDAY, FEBRUARY 5, 2021 / MAGHA 16, 1942

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-B

**Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts**

**નર્મદા, જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

**હુકમ**

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી જૂન, ૨૦૨૦

**ક્રમાંક: વીએસપી-૧૦૨૦૧૯-વી-૧-ખ-૪:** ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા (સંરક્ષણ) અધિનિયમ, ૨૦૧૯ (સન ૨૦૧૯ના ગુજરાતના ૨૨-મા)ની જોગવાઈઓને અમલમાં મુકવામાં અમુક મુશ્કેલીઓ ઊભી થઈ છે;

તેથી, હવે કલમ ૨૭ની પેટાકલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મુશ્કેલીઓ દૂર કરવા નીચેનો હુકમ કરે છે:-

૧. આ હુકમ ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા (સંરક્ષણ) (મુશ્કેલીઓ દૂર કરવા બાબત) હુકમ, ૨૦૨૦ કહેવાશે.

૨. ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા (સંરક્ષણ) અધિનિયમ, ૨૦૧૯ (જેનો આમાં હવે પછી, ''સદરહું અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, કલમ ૩ માં, નીચેનું સ્પષ્ટીકરણ ઉમેરવું :-

''સ્પષ્ટીકરણ:- કલમ ૪માં નિર્દિષ્ટ સત્તામંડળો સિવાયના કાયદા માન્ય એકમો (કાનૂની વ્યક્તિ)ની માલિકીની અને તેના દ્વારા સંચાલિત ખાનગી પાણી વિતરણ વ્યવસ્થાનો સમાવેશ થાય છે-તે બાબત ગર્ભિત છે.''

૩. સદરહું અધિનિયમમાં, કલમ ૪ને બદલે, નીચેની કલમ મૂકવી:-



Scanned with CamScanner

જાહેર પાણી વિતરણ સત્તામંડળોઃ-

"૪. (૧) આ અધિનિયમના હેતુઓ માટે, સત્તામંડળ-નો અર્થ, સ્થાનિક સત્તામંડળ, બોર્ડ અથવા ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડ થશે.

(૨) સત્તામંડળ સિવાયના કોઈપણ એકમે, રાજ્યમાં જાહેર પાણી વિતરણ વ્યવસ્થા ગોઠવવી જોઈશે નહિ અથવા તેની માલિકી ધરાવવી જોઈશે નહિં.

પરંતુ રાજ્ય સરકાર, જાહેર હિતમાં, રાજપત્રમાં જાહેરનામાથી, પોતે યોગ્ય ગણે તેવા વિસ્તાર માટે, જાહેર પાણી વિતરણ વ્યવસ્થા ગોઠવવા માટે અથવા તેની માલિકી ધરાવવા માટે, બીજી કોઈ એજન્સીને અધિકૃત કરી શકશે.

વધુમાં, સ્થાનિક સત્તામંડળ અથવા એજન્સી-એ, તેની હદ અથવા વિસ્તારની બહાર પાણી વિતરણ વ્યવસ્થા ગોઠવેલી હોય ત્યારે, આ અધિનિયમના હેતુઓ માટે, તે (હદ અથવા વિસ્તાર) તેની હકૂમતની અંદર હોવાનું ગણાશે.

વળી, બોર્ડ, સ્થાનિક સત્તામંડળ દ્વારા કરવામાં આવેલી વિનંતીને આધારે, આવા સ્થાનિક સત્તામંડળની હદમાં જાહેર પાણી વિતરણ વ્યવસ્થા ગોઠવી શકશે અને તેનું સંચાલન કરી શકશે.

૪. સદરહું અધિનિયમમાં, કલમ ૫માં, પેટા-કલમ (૧)માં, ભાગ-૧માં, ખંડ (છ) કમી કરવો.

૫. સદરહું અધિનિયમમાં, કલમ ૮માં, પેટા-કલમ (૧)માં, "સત્તામંડળને જ્યાંથી પાણીનો ઉપાડ કરવા માટે અધિકૃત કરવામાં આવેલ હોય તેવા સ્ત્રોત ખાતે પાણીનું મીટર મૂકવું જોઈશે" એ શબ્દોને બદલે, "સત્તામંડળ, તેને જે સ્ત્રોતમાંથી પાણી ખેંચવા માટે અધિકૃત કરવામાં આવેલ હોય ત્યાં પાણીનું મીટર મૂકી શકશે" એ શબ્દો મૂકવા.

૬. સદરહું અધિનિયમમાં, કલમ ૯માં, પેટા-કલમ (૧)માં, નીચેનું સ્પષ્ટીકરણ દાખલ કરવુંઃ-

"સ્પષ્ટીકરણઃ- આ અધિનિયમના હેતુઓ માટે, સ્ત્રોતનો અર્થ, જ્યાંથી ઘર વપરાશના જાહેર પાણી પુરવઠા માટે જોડાણ મેળવ્યું હોય તેવા ટેપીંગ પોઈન્ટ પાણીનો સ્ત્રોત એવો થશે"

૭. સદરહું અધિનિયમમાં, કલમ ૧૧માં,-

(૧) પેટા-કલમ (૩) માં, "ના પેટા-ખંડો (૧) થી (૬)" એ શબ્દો, કૌંસ અને આંકડા કમી કરવા;

(૨) પેટા-કલમ (૬) માં, "ની પેટા-કલમો (૧) થી (૫)" એ શબ્દો, કૌંસ અને આંકડા કમી કરવાં.

૮. સદરહું અધિનિયમમાં, કલમ ૧૩માં,-

(૧) પેટા-કલમ (૧) માં, ખંડ (ક)માં, "કોઈપણ સમયે દાખલ થઈને તપાસ કરી શકશે" એ શબ્દોને બદલે, "દિવસના વાજબી સમયે દાખલ થઈને તપાસ કરી શકશે" એ શબ્દો મૂકવાં;

(૨) પેટા-કલમ (૩) માં, "આ પેટા-કલમ હેઠળ કરવામાં આવતી" એ શબ્દોને બદલે, " આ કલમ હેઠળ કરવામાં આવતી" એ શબ્દો મૂકવા.

૯. સદરહું અધિનિયમમાં, કલમ ૧૪,-

(૧) પેટા-કલમ (૧)માં, "આકારણી અધિકારીને (જેનો આમાં હવે પછી, "આકારણી અધિકારી" તરીકે ઉલ્લેખ કર્યો છે) પોતાના તારણો સાથે" એ શબ્દો અને કૌંસને બદલે, "પેટા-કલમ (૪) હેઠળ નિમાયેલા આકારણી કરનાર અધિકારી (જેનો આમાં હવે પછી, "આકારણી કરનાર અધિકારી" તરીકે ઉલ્લેખ કર્યો છે તેઓ)ને પોતાના તારણો સાથે" એ શબ્દો, કૌંસ અને આંકડા મૂકવા;

Scanned with CamScanner

(૨) પેટા-કલમ (૩) માં, ''આકારણી અધિકારીએ'' એ શબ્દોને બદલે, ''આકારણી કરનાર અધિકારીએ'' એ શબ્દો મૂકવા.

૧૦. સદરહુ અધિનિયમમાં, કલમ ૧૮માં,-

(૧) પેટા-કલમ (૧) ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:-

''(૧) સત્તામંડળ અથવા તેણે આ અર્થે અધિકૃત કરેલા કોઈ અધિકારી, આ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર કોઈ ગુનાની કાર્યવાહી શરૂ થતાં પહેલાં અથવા તે શરૂ કર્યા પછી અને આને લગતો કોઈ ચુકાદો અથવા હુકમ પસાર થયા પહેલાં, ગુનાનો આરોપ મૂક્યો હોય તેવા વપરાશકાર અથવા વ્યક્તિ પાસેથી, ગુનાની માંડવાળ રકમને બદલે પેટા-કલમ (૨) હેઠળ રાજ્ય સરકારે નિર્દિષ્ટ કરેલી રકમ સ્વીકારી શકશે.''

(૨) પેટા-કલમ (૩) માં, ગુજરાતી ભાષાંતરમાં કોઈ ફેરફાર થશે નહિં.

૧૧. સદરહું અધિનિયમમાં, કલમ ૧૯માં,-

(૧) ''તજવીજ કરવાની અથવા નિર્ણય લેવાની'' એ ગુજરાતી ભાષાંતરમાં કોઈ ફેરફાર થશે નહિં;

(૨) ''લેવામાં આવેલા અથવા લેવાના હોય તેવા કોઈ પગલાના'' એ શબ્દોને બદલે, ''લેવામાં આવેલા અથવા લેવા ધાર્યુ હોય તેવા કોઈ પગલાંના'' એ શબ્દો મૂકવા.

૧૨. સદરહું અધિનિયમમાં, કલમ ૨૦માં, પેટા-કલમ (૧) ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:-

''(૧) તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, જાહેર ઘર વપરાશના પાણી પુરવઠાના સંબંધમાં આ અધિનિયમની જોગવાઈઓ અમલમાં રહેશે.''

૧૩. સદરહું અધિનિયમમાં, કલમ ૨૨માં, ''મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટની કોર્ટ'' એ શબ્દો પછી, ''ને વિશેષ કોર્ટ (ન્યાયાલય) તરીકે'' એ શબ્દો ઉમેરવાં.

૧૪. સદરહું અધિનિયમમાં, કલમ ૨૬માં,-

(૧) પેટા-કલમ (૨) માં,-

(ક) ખંડ (ઘ)માં, ગુજરાતી ભાષાંતરમાં કોઈ ફેરફાર થશે નહિં;

(ખ) ખંડ (છ)માં, ગુજરાતી ભાષાંતરમાં કોઈ ફેરફાર થશે નહિં;

(૨) પેટા-કલમ (૪) માં, ગુજરાતી ભાષાંતરમાં કોઈ ફેરફાર થશે નહિં;

૧૫. સદરહું અધિનિયમમાં, કલમ ૨૭માં, પેટા-કલમ (૨) માં, ગુજરાતી ભાષાંતરમાં કોઈ ફેરફાર થશે નહિં;

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

**ધનંજય દ્વિવેદી,**

સરકારના સચિવ.

---

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Scanned with CamScanner

252

Reasons for delay to present Amendment in implementation of Gujarat Domestic Water Supply (Protection) Act 2019 in Vidhansabha

1. The Gujarat Domestic Water Supply (Protection) Act 2019 by Government of Gujarat was published in Gazette on Date 22/8/2019 and was put under Implementation by Notification on Date 15/6/2020.
2. Necessary amendments are published in English language by order Date 29/6/2020 As per the act rule No-27(2). The translation in Gujarati for amendments was received from legislatively and parliamentary Department on Date 15/12/2020, and same was published in Gujarati Gazette on January 2021.

(R. B. Sailor)
Officer on Special Duty
N.W.R.W.S. and K. Dept.

Scanned with CamScanner

Extra No. 206

વાર્ષિક લવાજમનો દર રૂ.૪,૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXI ] WEDNESDAY, JULY 01, 2020 / ASADHA 10, 1942

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

**PART IV-B**

**Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts**

**NARMADA, WATER RESOURCES, WATER SUPPLY & KALPSAR DEPARTMENT**

**ORDER**

Sachivalaya, Gandhinagar, 29th June, 2020.

**Order No:- VSP-102019/V-1-kh-4-** WHEREAS certain difficulties have arisen in giving effect to the provisions of the Gujarat Domestic Water Supply (Protection) Act, 2019 (Guj. 22 of 2019);

NOW. THEREFORE, in exercise of the powers conferred by sub-section (1) of section 27, the Government of Gujarat hereby makes the following Order to remove the difficulties, namely :-

1. This Order may be called the Gujarat Domestic Water Supply (Protection) (Removal of Difficulties) Order. 2020.

2. In the Gujarat Domestic Water Supply (Protection) Act, 2019 (hereinafter referred to as the "said Act"), to section 3, the following Explanation shall be added, namely:-

   "Explanation:- It is implied that there could be private water distribution systems owned and operated by legal entities other than the authorities specified in section 4."

3. In the said Act. for section 4, the following section shall be substituted namely:-
   Public Water Distribution Authorities:-

   "4. (1) Authority for the purposes of this Act shall mean the local authority. Board or the Gujarat Water Infrastructure Limited.

   (2) No entity other than an authority shall lay or own public water distribution system in the State:

   Provided that the Stale Government may, in public interest, by a notification in the *Official Gazette* authorize any other agency to lay or own a public water distribution system for such area, as it may deem fit:

   Provided further that where a local authority or an agency has laid a part of the public water distribution system outside its limits or area, the same shall be deemed to be within its jurisdiction for the purposes of this Act:



Scanned with CamScanner

Provided also that the Board may. on a request made by a local authority, lay and operate public water distribution system within the limits of such local authority."

4. In the said Act, in section 5. in sub-section (1), in Part I, clause (f) shall be deleted.

5. In the said Act, in section 8. in sub-section (1), for the words "A water meter shall be installed", the words "An authority may install water meter" shall be substituted.

6. In the said Act, in section 9. to sub-section (1), the following Explanation shall be inserted, namely:-

"Explanation,- The source for the purposes of this Act shall imply the water source at the tapping point from where the connection is obtained For domestic public water supply."

7. In the said Act, in section 11 :-

(i) in sub-section (3), the words, brackets and figures "sub-clauses (i) to (vi) of" shall be deleted:

(ii) in sub-section (6). the words, brackets and figures "sub-clauses (i) to (v) of" shall be deleted.

8. In the said Act, in section 13:-

(i) in sub-section (1), in clause (a), for the words "enter and inspect at any time", the words "enter and inspect at reasonable hours of the day" shall be substituted;

(ii) in sub-section (3). for the words "carried out under this sub-section", the words '"carried out under this section" shall be substituted.

9. In the said Act. in section 14:-

(i) in sub-section (1), for the words "his finding to the Assessing Officer", the words "his finding to the Assessing Officer appointed under sub-section (4)" shall be substituted:

(ii) in sub-section (3), for the words "The Assessment Officer", the words "The Assessing Officer" shall be substituted.

10. In the said Act, in section 18:-

(i) for sub-section (1), the following sub-section shall be substituted, namely:-

"(1) The Authority or any officer authorized by it in this behalf may, either before or after the institution of the proceedings for any offence punishable under this Act and before a judgment or order is passed in this regard, accept from the user or the person charged with an offence by way of compounding lee of the offence, a sum specified by the State Government under sub-section (2)'".

(ii) in sub-section (3), for the words "shall be discharge", the words ""shall be discharged" shall he substituted.

11. In the said Act, in section 19,

(i) for the words "to deal with or decide with", the words "to deal with or decide" shall be substituted;

(ii) for the words "any action taken or to be taken", the words "any action taken or proposed to be taken" shall be substituted.

Scanned with CamScanner

12. In the said Act, in section 20, for sub-section (1), the following shall be substituted, namely:-

"(1) The provisions of this Act shall have effect notwithstanding anything contained in any other law for the time being in force in relation to the public domestic water supply."

13. In the said Act, in section 22, the words "to be the special court." shall be added at the end.

14. In the said Act. in section 26,

(i) in sub-section (2),

(a) in clause (d), for the words, brackets and figure "under the sub-section (4)", the words, brackets and figure "under sub-section (4)" shall be substituted;

(b) in clause (f), for the words and brackets "under the sub-section (3)", the words and brackets "under sub-section (3)" shall be substituted.

(ii) in sub-section (4), for the words and brackets "in the *Official Gazette* and thereupon", the words and brackets "in the *Official Gazette* and shall thereupon", shall be substituted.

15. In the said Act. in section 27, in sub-section (2), for the words "shall be laid, as soon as may be, after it is made before the Legislature", the words "shall be laid, as soon as may be after it is made, before the Legislature" shall be substituted.

By order and in the name of the Governor of Gujarat,

**DHANANJAY DWIVEDI,**

Secretary to Government.

---

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

Scanned with CamScanner